શામળાજી પોલીસે અણસોલ ગામની સીમમાં

ટ્રક કન્ટેનરમાં લવાતા ૪.૫૧ લાખના દારૂ સાથે ત્રણને દબોચ્યા

પેપર ટુબ કાગળના રોલ વચ્ચે છુપાવીને લવાતો હતો

મોડાસા, તા.૯

અરવલ્લી જિલ્લામાં આજે વધુ એક પ્રોહીબિશનનો ગુનો ઝડપી લઈ શામળાજી પોલીસે અણસોલ ગામની સીમમાં ટ્રક કન્ટેનરમાં લવાતા રૂ. ૪.૫૧ લાખના દારૂ સાથે ત્રણને દબોચી લીધા છે અને કિં. રૂ ૨૦,૮૫,૫૨૫નો મુદ્દામાલ કબજે કરી કુલ પાંચ શખ્સો સામે પ્રોહીબિશન એકટ અન્વયે ગુનો દર્જ કરાયો છે.

શામળાજી પોસઇ કે.વ્યાસ અણસોલ ગામની સીમમાં રાજસ્થાનના વીછીવાડાથી શામળાજી તરફ આવતા માર્ગે પ્રોહી નાકાબંધી હતા તે દરમ્યાન વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણને ઝડપી લઈ જેલ હવાલે કરવામાં આવ્યા છે. જે આરોપીઓ મનિષ કેશારામ જાતે રોડમરાઠા ઉ.વ.૨૫ રહે.મકાન નંબર ૨૫૫, કાબડીરોડ હરીનગર નજીક કચ્ચાફાટક પાનીપત તા.જી. પાનીપત હરીયાણા, રવિ નરેશકુમાર રાજપુત ઉ.વ.૨૫ રહે. હરીનગર કચ્ચાફાટક ૨૪ વોર્ડ પાનીપત તા.જી. પાનીપત હરીયાણા તથા રવિન્દ્ર રતનસીગ જાતે કસ્યપ ઉ.વ.૨૬ રહે. હરીનગર કચ્ચાફાટક ૨૪ વોર્ડ પાનીપત તા.જી. પાનીપત હરીયાણા એમ ત્રણને ઝડપી લેવામાં આવ્યા હતા.

સ્પાઇરલ પેપર ટુબ કાગળના રોલ જેની કિ. રૂ.૬,૩૧,૮૨૫ની આડમાં વેચાણ સારૂ લવાતો હતો. વિદેશી દારૂની પેટીઓ નંગ ૯૪ જેમાની કુલ બોટલ નંગ ૧૧૨૮ જેની કિ. રૂ. ૪,૫૧,૨૦૦નો તથા ટ્રક કન્ટેનર ગાડીની કિં. રૂ. ૧૦,૦૦,૦૦૦ તથા મોબાઈલ નંગ-૩ કિં. રૂ ૨૫૦૦ તથા સ્પાઇરલ પેપર ટુબ કાગળના રોલ જેની કિં. રૂ. ૬,૩૧,૮૨૫નો મળી કૂલ કિં. રૂ. ૨૦,૮૫,૫૨૫ના મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે.

અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર ક્રાન્તિ સેના દ્વારા

નાની ઈસરોલ ગામે સાંસદ દીપસિંહ રાઠોડનો ભવ્ય સન્માન સમારંભ યોજાયો

અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર ક્રાન્તિ સેના દ્વારા આજે રવિવારે મોડાસા તાલુકાના નાની ઈસરોલ ગામે સાંસદ દીપસિંહ રાઠોડનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. જંગી બહુમતિથી સતત બીજીવાર ચૂંટાઈ આવેલા સાંસદ

દિપસિંહ રાઠોડનો નાની ઈસરોલ ગામમાં વાજતેગાજતે ડીજે સાથે નીકળેલા વરઘોડોમાં ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમંગભેર જોડાયા હતા.

અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર ક્રાન્તિ સેના દ્વારા નાની ઈસરોલમાં ચેહર માતાજીના મંદિરના મહંત શનાબાવજીના સાનિધ્યે યોજાયેલા આ સન્માન સમારંભમાં ક્રાન્તિ સેનાના સ્થાનિક જિલ્લા પ્રમુખ મહેન્દ્રભાઈ ઠાકોર, સેના કાર્યકરો અને ગ્રામજનો દ્વારા સાંસદ દિપસિંહ રાઠોડનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રારંભે જિલ્લા સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલે સૌ મહેમાનોને આવકારી ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું. ગુજરાત પ્રદેશ ક્ષત્રિય ઠાકોર ક્રાન્તિ સેનાના પ્રદેશના પ્રમુખ પ્રવીણસિંહ ઠાકોર, અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના તેમજ ગાંધીનગર જિલ્લાના ક્રાંતિ સેનાના પ્રમુખો, મંત્રીઓ, આગેવાનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ગામના આગેવાનો, ગ્રામજનો અને સર્વે કાર્યકરોને ક્રાન્તિ સેનાના પ્રદેશના પ્રમુખ પ્રવીણસિંહ ઠાકોર અને પ્રભુદાસભાઈએ જંગી બહુમતિથી સતત બીજીવાર સાંસદ તરીકે દીપસીહ રાઠોડને વિજયી બનાવવા બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા. સરળ વ્યક્તિત્વ ધરાવતા સાંસદને અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવી હતી. ભિલોડા સુનોખ સરપંચ અને તાલુકાના પૂર્વ સંગઠન મહામંત્રી ભવાનભાઈ, જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ દિનેશભાઈ પટેલ, રમેશભાઈ પી. પટેલ, નિવૃત્ત પી.આઈ કે.બી. પટેલ, નાની ઈસરોલના આગેવાનો, સેક્રેટરી પુનમભાઈ, નાનજીભાઈ, તખાભાઈ સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન આભારદર્શન જિલ્લા ભાજપના ઉપપ્રમુખ અમૃતસિંહ ઝાલાએ સુંદર રીતે કર્યું હતું.

ઊંઝા એપીએમસીની ચૂંટણી સંપન્ન

ખેડૂત વિભાગની ૮ બેઠકો પર ૧૬ અને વેપારી વિભાગની ચાર સીટો પર ૭ ઉમેદવારો હતા : આજે પરિણામ જાહેર

મહેસાણા, તા.૯

ઊંઝા માર્કેટયાર્ડના બોર્ડ ઓફ ડિરેકટરની આજે રવિવારે યોજાયેલી હાઈ વોલ્ટેજ ડ્રામા જેવી ચૂંટણીને લઈ સહકારી ક્ષેત્રમાં ભારે ઉત્તેજનાનો માહોલ છવાયો હતો. ખેડૂત વિભાગની આઠ બેઠકો પર ૧૬ અને વેપારી વિભાગની ચાર બેઠકો પર સાત ઉમેદવારો મેદાનમાં હતા. સવારે ૯.૦૦ વાગ્યાથી શરૂ થયેલી ચૂંટણીમાં સાંજે પાંચ વાગ્યા સુધી માર્કેટયાર્ડમાં મતદાન યોજાયું હતું. ભારે રસાકસીભર્યા અને ઉત્તેજનાભર્યા વાતાવરણ વચ્ચે ચૂંટણી સંપન્ન થઈ હતી. હવે આવતીકાલે સોમવારે ઊંઝા એપીએમસીની પ્રતિષ્ઠાભરી ચૂંટણીનું પરિણામ જાહેર થશે. આ ચૂંટણીના પરિણામો પર ભાજપના દિગ્ગજ નેતાઓની પણ નજર છે એશિયાખંડના સૌથી મોટા અને આર્થિક રીતે સમૃદ્ધ ઊંઝા માર્કેટયાર્ડમાં સત્તા હાંસલ કરવા ભાજપના જ બે જૂથો પૂર્વ ચેરમેન ગૌરાંગ પટેલ અને ધારાસભ્ય ડો.આશાબેન પટેલ જૂથના દિનેશ પટેલ મેદાનમાં હતા. બંને જૂથ પોતાનું વર્ચસ્વ દેખાડવાના મૂડમાં હોઈ આ સહકારી જંગ રસપ્રદ અને ઉત્તેજનાપૂર્ણ બની ગયો હતો. ખેડૂત વિભાગમાં ૧૬ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતા, જેમના માટે ૩૦૦થી વધુ મતદારોએ મતદાન કર્યું હતું., જયારે વેપારી વિભાગમાં ૭ ઉમેદવારો જંગમાં ઉતર્યા હતા અને તેમના માટે ૧૬૦૦ જેટલા

મતદારોએ મતદાન કર્યું હતું. માર્કેટયાર્ડની સત્તા હાંસલ કરવા બંને જૂથો મરણિયા બન્યા હતા. જે પૈકી ગૌરાંગ પટેલ જૂથે અંબાજીમાં કેમ્પ કર્યો હતો તો સામે દિનેશ પટેલ જૂથે બહુચરાજી અને શંખલપુરમાં કેમ્પ કર્યો હતો. અહીંથી મતદારોને રવિવારે સવારે મતદાન શરૂ થાય તે પહેલાં સીધા જ ચૂંટણી સ્થળે લવાયા હતા. સૂત્રોના મતે, ઊંઝા એપીએમસીની ચૂંટણી બહુ મહત્વની અને પ્રતિષ્ઠાભરી હોઈ એક પણ મત બગડે નહી અને બેકાર ના જાય તેમ માટે ખરાખરીના ખેલ સમાન આ ચૂંટણીમાં એક જૂથ દ્વારા મતદારોને ખાસ ટ્રેનીંગ પણ અપાઈ હતી. જેમાં કેટલા મત આપવાના અને કેવી રીતે મતદાન કરવાનું છે તેની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. ખેડૂત વિભાગનું મતદાન બપોર સુધીમાં પૂર્ણ થઈ ગયું હતુ, જયારે વેપારી વિભાગનું મતદાન સાંજ સુધી ચાલ્યું હતું.

અમદાવાદ ખાતે ગ્રીન પ્લેનેટ સંસ્થા કલોલના ઉપક્રમે તથા મણીનગર સ્વામીનારાયણ સંસ્થાના સહયોગથી ટ્રી સમિત-૨૦૧૯ યોજાઈ

અમદાવાદ, તા. ૯

આ સમિટમા ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાંથી ૨૦૦ કરતાં વધુ પ્રકૃતિપ્રેમીઓ અને વૃક્ષપ્રેમી લોકો અને જુદી જુદી સંસ્થાઓના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતા. વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ સુધીમાં ૮ લાખ વૃક્ષો વાવીને મોટા કરવાના ઉદેશ સાથે આ સમિટ મળી હતી. આનંદની વાત છે કે આ સમિટમાં ભાગ લેનાર ઘણી એવી વ્યક્તિઓ એવી હતી કે જેઓએ પોતપોતાના વિસ્તારમાં હજારો વૃક્ષો ઉછેર્યા હોય અને વૃક્ષ માટે સંવેદનશીલ હોય. આપણે ત્યાં દર વરસે લાખોની સંખ્યામાં વૃક્ષો વવાય છે પણ તેની માવજતના અભાવે વૃક્ષો ઉછરતા નથી. આ સિમટમાં એવા લોકો આવ્યા હતા જે જેટલાં વૃક્ષો વાવે છે તેટલા ઉછેરે છે અને માવજત કરે છે. આ પ્રસંગે ગ્રીન પ્લેનેટ સંસ્થાના અહેમદ પઠાન, મણીનગર સ્વામિનારાયણ સંસ્થાના સ્વામીજી, ડો. અનિલ પટેલ (નિસર્ગ સાયન્સ સેન્ટર), જીતુભાઈ પટેલ (ગ્રીન ગ્લોબલ એમ્બેસેડર), જીતુભાઈ પટેલ (બિલ્ડર અને સામાજીક અગ્રણી), રાજેશ ધોળકીયા (સુરત) , સુખદેવ પટેલ (ગણતર સંસ્થા) જેવા મહાનુભાવોએ ઉપસ્થિત રહીને

માર્ગદર્શન આપ્યું.

આ બે વરસ સૌથી વધુ વૃક્ષ ઉછેર કરનારને સવજીભાઈ ધોળકીયા વૃક્ષમિત્ર એવોર્ડ અને એક લાખ રુપિયા પ્રોત્સાહક ઈનામ, બીજા ક્રમે ગ્રીન ગ્લોબલ બ્રિગેડ વૃક્ષમિત્ર એવાર્ડ અને પચાસ હજાર, ત્રીજા ક્રમને પ્રકૃતિ મંડળ મહેસાણા તરફથી એવાર્ડ અને પચીસ હજાર આ ઉપરાંત બેસ્ટ કામગીરી કરનાર ૧૧ અન્ય લોકોને એવાર્ડ અને અગિયાર હજાર રુપીયા પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે. આ સમિટમાં ભાગ લોનાર મિત્રો ઓછામાં ઓછા ૩૦૦ અને તેમની ક્ષમતા મુજબ વધુમાં વધુ જેટલા વૃક્ષો ઉછેરી શકાય તે મુજબ લક્ષાંક આપવામાં આવ્યા. આ રીતે જો આયોજન બધ્ધ કામગીરી કરવામાં આવે તો પર્યાવરણીય સમતુલા જાળવવા આપણી જરુરીયાત મુજબના વક્ષો અને જંગલો ઊભાં કરી શકાય.

વડગામના બારપાદર ગુરૂ બ્રાહ્મણ સમાજ બનાસકાંઠાની બેઠક શેરપુરા (સે) ખાતે યોજાઈ

વડગામ, તા. ૯

વડગામ તાલુકાના શેરપુરા (સે) ખાતે આવેલા ગુરુ બ્રાહ્મણ સમાજ ના મહોલ્લામાં બારપાદર પરગણાની બેઠક પરસોતમભાઈ.એમ. કટારિયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

જેમાં બારપાદર પરગણાના પચ્ચીસ ગામડાઓમાંથી મોટી સંખ્યામાં યુવાનો અને વડીલો હાજર રહ્યા હતા. પ્રથમ મિટિંગમાં વડીલોના માર્ગદર્શન હેઠળ યુવા કમીટીની રચના કરાઈ હતી જેમાં બારપાદર યુવા પાંખના પ્રમુખ તરીકે ભાનુભાઈ મોહનલાલ કટારિયા (શેરપુરા.સે)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી. ઉપપ્રમુખ પ્રદીપ કટારિયા (સલેમકોટ) તથા નરેશભાઈ શ્રીમાળી (મોરીયા), મહામંત્રી તરીકે મુકુલભાઈ કટારિયા (પાંચડા), સહમંત્રી અશોકભાઈ રામજીભાઈ ગેડીયા (ઉમરી), ખજાનચી રજનીકાન્ત કટારિયા(અશોકગઢ), મિડીયા સહપ્રભારી તરીકે જગદીશકુમાર નાથાભાઈ શ્રીમાળી (પેપોળ) તેમજ ઓડીટર તરિકે રાજેશભાઈ કટારિયા, અશોકભાઈ ભાલકીયાની સર્વાનુમતે વરણી કરાઈ હતી. હવે પછીની મિટિંગ જુની સેધણી ખાતે યોજાશે જેમાં ભોજન મનુભાઈ કટારિયા તેમજ રાજેશભાઈ કટારીયા દ્વારા આપવામાં આવશે અને બારપાદર પરગણાનો સ્નેહમિલન તેમજ તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ પાંચડા ખાતે યોજવાનું નક્કી કરાયું છે. જેમાં પાંચડા સમસ્ત કટારિયા પરિવાર દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે. બારપાદર પરગણાના વિકાસ માટે પ્રથમ મિટિંગમાં જ રૂ. ૭૫૦૦૦(પંચોતેર હજાર)જેટલુ દાન પરગણા દાતાઓ દ્વારા આપવામાં આવ્યું હતું.

મેઘરજના નવા-પાણીબાર વરઘોડામાં થયેલી

બબાલમાં ધારોલાના નિર્દોષ યુવકની નિર્મમ હત્યાથી ચકચાર

મેઘરજ, તા. ૯

ગુજરાત રાજ્ય બિહાર તરફ પ્રયાણ કરી રહ્યું હોય તેમ ધોળા દિવસે હિચકારી હત્યાના બનાવોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાના ચિથરેહાલ ઉડી રહ્યા છે.

મેઘરજ તાલુકાના ધરોલા ગામના બે યુવકો નવા-પાણીબાર ગામે મિત્રના વરઘોડામાં જઈ પરત બાઈક પર ફરતા વરઘોડામાં બે જૂથ વચ્ચે થયેલ બબાલમાં એક જૂથના યુવકો રસ્તામાં ઉભા હતા. બાઈક પર પરત ફરતા યુવકો સામેના જૂથના હોવાનું સમજી લોખંડની એંગલ ગળાના ભાગે ઝીંકી દેતા નિર્દોષ યુવકનું મોત નિપજતા ચકચાર મચી હતી. હત્યાની ઘટનાના પગલે ઈસરી પોલીસે ઘટનાસ્થળે પહોંચી હત્યાને અંજામ આપી ફરાર ૮ આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મેઘરજ તાલુકાના ધરોલા ગામના નૈનેશભાઈ રણછોડભાઈ ગામેતી અને સૌમિત અમૃતભાઈ ગામેતી બાઈક લઈ નવા-પાણીબાર ગામે મિત્રના વરઘોડામાં જઈ પરત ફરી રહ્યા હતા. વરઘોડો ગામમાં આવેલા મંદિરે પહોંચતા બે યુવકોના જૂથ વચ્ચે અગમ્ય કારણોસર ઝગડો થતા લોકોએ બંને જૂથને છુટા પાડ્યા હતા જેમાંથી નવા-પાણીબાર ગામના દેવેન્દ્ર કાંતિભાઈ ગામેતી તેના બે સાળા સહીત ૮ યુવકો નવા-પાણીબાર ગામના રોડ પર ઝગડાની અદાવતમાં બદલો લેવા ઉભા હતા.

નૈનેશ અને સૌમિત બાઈક પર પરત ફરતા હતા ત્યારે રોડ પર ઉભેલા ટોળાએ બંને યુવકો પર હુમલો કરી ટોળામાં રહેલા એક શખ્સે સૌમીતના ગાળાના ભાગે લોંખડની એંગલ ફટકારતા સૌમિત ગંભીર ઈજાગ્રસ્ત થતા હુમલાથી ગભરાયેલો નૈનેશ નામનો યુવક સૌમિતને બાઈક પર બેસાડી જીવ બચાવી ધરોલા પહોંચતા સૌમીતે બોલવાનું બંધ કરી દેતા પરિવારજનો ગંભીર ઈજાગ્રસ્ત યુવકને મોડાસાની ખાનગી હોસ્પિટલમાં પહોંચતા ફરજ પરના તબીબે યુવકને મૃત જાહેર કરતા પરિવારજનોએ રોકકળ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. આદિવાસી યુવકની હત્યાને પગલે મોડાસામાં લોકોના ટોળેટોળા દવાખાને ઉમટ્યા હતા.

ગણતરીમાં ગાંધીનગર... ● છેલ્લા પાનાનું ચાલુ

ઘરના વડીલો અને બાળકોને શ્વાસોશ્વાસની ક્રિયામાં મુશ્કેલી પેદા થાય છે. લાંબા ગાળે તેમને શ્વાસ અને ફેંફસાની તકલીફ પેદા થાય છે. અને જ્યારે ઘરની મહિલાઓની વાત કરીએ ત્યારે એને તો સતત ધુમાડિયામાં જ રહેવું પડે એવી સ્થિતિ હોય છે. ઘર-પરિવારની તમામ પ્રવૃત્તિની કેન્દ્ર સ્થાને (કામકાજની દૃષ્ટીએ)એવી મહિલાઓના આરોગ્યની દરકાર અલાયદા રસોડા ન હોવાના કારણે જળવાતી નથી. આ ઉપરાંત સામાજિક દ્રષ્ટિએ જોઈએ તો એક નિશ્ચિત રસોડું ન હોય તો ઘરના તમામ સદસ્યોની આવન-જાવન રસોઈની જગ્યાની આસપાસ રહેતી હોય છે. પરિણામે જેમના માથે અને હાથે રસોઈની જવાબદારી હોય છે એવી ઘરની મહિલાઓને રસોઈ કાર્યની સાથે ઘરના વડીલોની લાજ મર્યાદા પણ સાચવવાની હોય છે અને આગ સાથે તો આજીવન પનારો પડયો હોવાથી પોતાની જાતનું પણ ધ્યાન રાખવાનું હોય છે. આ દ્રષ્ટિએ ઘરમાં દિવાન ખંડ, શયનખંડ, બાથરૂમ - સંડાસની સાથે અલાયદા રસોડાની સવલત પણ જરૂરી છે. આંકડા તો દર્શાવે છે કે અત્યારે તો મોટા ભાગના ઘરની સ્થિતિ રસોઈઘર કરતાં ધૂમાડીયાં ઉત્સર્જન કેંદ્ર વધારે છે.

ભારતના અંતરિયાળ વિસ્તારમાંથી કળા અને કલાકારોને શોધવા 'ફર્સ્ટ ટેક' ઇવેન્ટનું આયોજન

એબીઆઈઆર ચેરિટેબલ ટ્રસ્ટે હઠીસિંગ વિઝ્યુઅલ આર્ટ સેન્ટરમાં પોતાની વાર્ષિક ફર્સ્ટ ટેક આર્ટ ઈવેન્ટની ચોથી આવૃતિની શરૂઆત કરવાની જાહેરાત કરી હતી. આ વર્ષે ક્લેરિસના સહયોગ સાથે ફર્સ્ટ ટેક ૨૦૧૯ ભારતભરનાં કલાકારોને આવકારે છે, જેમાં નાના શહેરો અને ગામડાઓના કલાકારો સામેલ છે. તેમાં સબમિટ થયેલા કામની પસંદગી થશે તથા ઉમંગ હઠીસિંગ, સુબોધ કેરકર, શ્રીમતી બિન્દ્રા મિલર, જયંતિ રબાડિયા અને વીર મુંશી જેવા પ્રસિદ્ધ અને કળાની પરખ ધરાવતા લોકોની બનેલી જ્યુરે પેનલ એનુ મૂલ્યાંકન કરશે. આ ઈવેન્ટનાં અંતે સન્માન સમારંભ ૧૯ નવેમ્બર, ૨૦૧૯નાં રોજ યોજાશે અને પછી કળા પ્રદર્શનનું ઉદ્ઘાટન થશે. જ્યારે ફર્સ્ટ ટેક ૨૦૧૯ માટે આર્ટવર્ક ઓનલાઈન સબમિટ કરવાની શરૂઆત ૬ જૂનથી થશે અને ૧૬ જુલાઈના રોજ પૂર્ણ થશે, ત્યારે ફિઝિકલ આર્ટવર્ક સબમિટ કરવાની છેલ્લી તારીખ ૬ સપ્ટેમ્બર હશે. સબમિશનનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયા પછી એન્ટ્રીની સમીક્ષા થશે, એનું શોર્ટલિસ્ટિંગ થશે અને થોડાં દિવસનાં ગાળામાં જ્યુરીના સભ્યો એના પર નિર્ણય લેશે. શ્રેષ્ઠ કળાત્મક કાર્યોનું ૭ દિવસ માટે પ્રદર્શન યોજાશે.

ગેસ્ટ્રોસ્કોપિક બેરિયાટ્રિક પ્રોસીજર્સ પર શહેરમાં નેશનલ કોન્ફરન્સ અને લાઈવ વર્કશોપ યોજાયો

ભારતભરમાં સૌપ્રથમવાર શહેરમાં આવતીકાલે ગેસ્ટ્રોસ્કોપિક બેરિયાટ્રિક પ્રોસીજર્સ વિષય પર નેશનલ કોન્ફરન્સ યોજાયો. આ યોજાઈ રહેલી ગેસ્ટ્રોસ્કોપિક બેરિયાટ્રિક પ્રોસીજર્સ અંગેની નેશનલ કોન્ફરન્સમાં ભારતભરમાંથી આશરે ૫૫૦થી વધારે તબીબી સર્જનો હાજર રહ્યા હતા.

વિશ્વ આરોગ્ય સંસ્થા ૨૦૧૬ના અહેવાલ અનુસાર વિશ્વમાં સૌથી વધુ મેદસ્વીતા ધરાવતા દેશમાં ભારતનો ત્રીજો નંબર છે. ગેસ્ટ્રોસ્કોપિક બેરિયાટ્રિક સર્જરીમાં જવલ્લે જ કોઈ કોમ્પલીકેશન જોવા મળે છે. ગેસ્ટ્રોસ્કોપિક બેરિયાટ્રિક સર્જરીમાં દર્દીને સવારે દાખલ કરવામાં આવે છે. જનરલ એનેસ્થેસિયા આપ્યા બાદ દર્દી પર એક કલાક અથવા દોઢ કલાકની પ્રોસીજર ચાલે છે. તે 'ડે કેર' પ્રોસીજર છે. ગેસ્ટ્રોસ્કોપિક બેરિયાટ્રીક સર્જરીની શરૂઆત છેલ્લા કેટલાક વર્ષોમાં સ્પેન, બ્રાઝિલ, યુએસએ અને યુરોપમાં થઈ હતી.

પ્રો. ગોન્ટ્રાન્ડ લોપેઝ-નાવા, કો. રૂપેસ મહેતા અને ડૉ. સંજય રાજપૂત અમદાવાદમાં આજે તા. ૭ જૂનના રોજ લાઈવ ગેસ્ટ્રોસ્કોપિક બેરિયાટ્રીક પ્રોસીજર પરફોર્મ કર્યુ હતુ. પ્રો. ગોન્ટ્રાન્ડ લોપેઝ-નાવા સ્પેનની એચએમ સાંચિનારો યુનિવર્સિટી હોસ્પિટલ માડ્રીડમાં બેરિયાટ્રીક એન્ડોસ્કોપી યુનિટના સ્થાપક અને સિનિયર કન્સલ્ટન્ટ ગેસ્ટ્રો એન્ટ્રોલોજીસ્ટ છે. તેઓ માડ્રીડની હોસ્પિટલ ક્લીનીકો સાન- કાર્લોસ અને હોસ્પિટલ સાન રાફેલમાં ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટના ભૂતપૂર્વ અધ્યક્ષ તરીકે સેવાઓ આપી ચુક્યા છે.

કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

મંજુરીની અરજીની પ્રાથમીક દરખાસ્ત તૈયાર કરવાની કામગીરી, દર માસે કેબલ કનેકશન વિડીયો ગૃહ, સીનેમા ગૃહના કરની આકરણી કરવી તેમજ સીનેમા ગૃહના કરની આકારણી કરવી તેમજ નિયમીત ચકાસણી હાથ ધરી મનોરંજન કરની વસુલાત કરવી. હોટલ અને ગેસ્ટ હાઉસ, આરામ ગૃહની લાયસન્સની અરજીની પ્રાથમીક તપાસણી કરી અહેવાલ પ્રાંત અધિકારીને મોકલવો.

મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રના સ્ટાફની નિમણુંક આપવી નિયમિત ચકાસણી કરવી. દર માસે ૧૦ મધ્યાહન ભોજન કેન્દ્રની મુલાકાત કરવી.તાલુકાના મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રના સંચાલકોનો પગાર / પેશગીના ચેકોનું વિતરણ તેમજ હિસાબની ચકાસણી કરવી.

મદદનીશ મતદાર અધિકારી તરીકેની ફરજો :

મામલતદારે મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે દર વર્ષની પહેલી જાન્યુઆરીની લાયકાતની તારીખ મુજબ મતદાર યાદીની સુધારણા કરવી અને નવા મતદારોને ઉમેરવા તથા કમી કરવા તમામ મતદારોને ઓળખવાળા ફોટાવાળા આઈકાર્ડ પુરા પાડવા. વિધાનસભાની ચૂંટણી અધિકારી તરીકે અને લોકસભાની ચૂંટણીમાં તાલુકા મામલતદાર તરીકે ફરજ બજાવવી. મતદાનની પ્રક્રિયા ગુપ્ત ન્યાયી અને સરળ રીતે યોજાય એ માટે યોગ્ય કાર્યવાહી કરી આચાર સંહિતાની અમલવારી કરવી, સરકારી બેન્ક, સંઘ, મંડળી, તાલુકા જીલ્લા પંચાયતની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવી આ ઉપરાંત તમામ જાતના પ્રમાણ પત્રો આપવા, આવકના, જાતીના દાખલા આપવા, પરિવાર કલ્યાણ અંગેની કાર્યવાહી કરવી, પોલીયો, રાષ્ટ્રીય કુટુંબ યોજના, બચત યોજના, વિદ્યા સહાય, તાલુકા કક્ષાએ જેલ સુપ્રિટેન્ડન્ટ તરીકે કામગીરી હાથ ધરવી આ ઉપરાંત વખતોવખત સરકાર મામલતારને પુર, અનાવૃષ્ટી, આગ, અકસ્માત, રાહત વિગેરેની કામગીરી સોંપે તે કરવી.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

પાછળથી મુખ્યમંત્રી ભૂપીન્દર સિંહ હુડ્ડાના વખતમાં વર્ષ ૨૦૧૦માં પંજાબીને "દ્વિતીય સત્તાવાર ભાષા"નો દરજ્જો આપવા પાછળ પણ રાજકીય લાભના ગણિતની બાજી ચિપવામાં આવી હતી.

સરકારનાં પારોઠનાં પગલાં

ક્યારેક અતિઉત્સાહ ઘાતક સાબિત થાય છે: હમણાં કેન્દ્રમાં નવી સરકાર આરૂઢ થતાંની સાથે જ અગાઉની સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકરે તૈયાર કરાવેલા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના મુસદ્દાને આ જ વિભાગના નવા મંત્રી ડૉ.રમેશ પોખરિયાલ "નિશંક" થકી જાહેર કરાયો. એક તો ડૉ.પોખરિયાલ પોતાની માનદ્ પીએચ.ડી. અને ડી.લિટ. પદવીઓ વિશે વિવાદમાં હતા અને એમાં આ મુસદ્દામાં દક્ષિણ ભારતનાં રાજ્યોમાં હિંદી ભાષા દાખલ કરવા સહિતની ત્રિભાષા ફૉર્મ્યૂલાએ તો ભારે સંકટ ઊભું કરી દીધું. હજુ ગયા વર્ષે જ દક્ષિણનાં રાજ્યોને અન્યાયની વાત આગળ કરીને ફરીને અલગ દ્રવિડનાડુનો રાગ આલાપવાનું પસંદ કરનાર દ્રમુકના સુપ્રીમો એમ.કે.સ્ટાલિન જ નહીં, કેન્દ્રના નાણામંત્રી રહેલા પી.ચિદંબરમ, કર્ણાટકના મુખ્યમંત્રી એચ.ડી. કુમારસ્વામી અને કેરળના સાંસદ શશી થરૂરે પણ હિંદીના સંવેદનશીલ મુદ્દાને ઊઠાવી ભારે ઉહાપોહ મચાવવાનું શરૂ કર્યું.

ભાજપમિત્ર અન્નાદ્રમુકની ચોખવટ

સંયોગ પણ કેવો કે તમિળનાડુમાં પગદંડો જમાવવા ભારતીય જનતા પક્ષે મુખ્યમંત્રી જે. જયલલિતાના નિધન પછી બે ફાડિયાંમાં વિભાજિત તેમના અન્નાદ્રમુકને પુનઃ એકત્ર કરીને એનું વાલીપણું સ્વીકાર્યા પછી પણ દ્રમુક અને કૉંગ્રેસે લોકસભાની ચૂંટણીમાં અન્નાદ્રમુક-ભાજપ યુતિનાં તળિયાંઝાટક કરી નાખ્યાં. એટલી હદે કે કન્યાકુમારીની જે બેઠક ભાજપને મળતી હતી એ પણ આ વખતે કૉંગ્રેસે છીનવી. આવા સંજોગોમાં મૂળ તમિળનાડુનાં જ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અને વિદેશમંત્રી ડૉ.એસ.જયશંકરે તત્કાળ બંબાવાળા તરીકે ધસી આવવું પડ્યું. તેમણે દક્ષિણનાં રાજ્યોની પ્રજાને ખાતરી આપવી પડી કે હિંદી ભાષા તેમના માથે ઠોકી બેસાડવાનો કોઈ પ્રયાસ નવી શિક્ષણ નીતિના મુસદ્દામાં નથી. કેન્દ્રના મુખ્ય સત્તારૂઢ પક્ષના તમિળનાડુના મિત્રપક્ષ અન્નાદ્રમુકના નેતા અને નાયબ મુખ્યમંત્રી ઓ.પનીરસેલ્વમે કહ્યું કે અમારી સરકાર તમિળનાડુમાં હિંદી સહિતની ત્રિભાષી ફૉર્મ્યૂલા સ્વીકારતી નહીં હોવા ઉપરાંત માત્ર અંગ્રેજી અને તમિળની દ્વિભાષી ફૉર્મ્યૂલાને જ ચુસ્તપણે વળગી રહે છે.

હિંદીવિરોધી હિંસક રાજકારણ

છ દાયકા પહેલાં મદ્રાસ પ્રાંતમાં કૉંગ્રેસની સરકારના હિંદીના આગ્રહે હિંસક અથડામણો અને રાજકીય ઉથલપાથલ પેદા કરી હતી. ૧૯૬૭ પછી આ રાજ્યમાં કોઈપણ રાષ્ટ્રીય પક્ષને બદલે દ્રવિડ પક્ષો જ વારાફરતાં સત્તામાં આવતા રહ્યા છે. એ જોતાં કેન્દ્ર સરકારે તાત્કાલિક રાષ્ટ્રીય શિક્ષણ નીતિના મુસદ્દામાંની "બિન-હિંદીભાષી રાજ્યોમાં વિદ્યાર્થીઓને પ્રાદેશિક ભાષા ઉપરાંત હિંદી અને અંગ્રેજી એમ ત્રિભાષા ફૉર્મ્યૂલા દાખલ કરાશે" એવી દરખાસ્ત સુધારીને "વિદ્યાર્થી ઈચ્છે તે ત્રણ ભાષા છઠ્ઠા કે સાતમા ધોરણમાં ભણાવાશે" એવો સુધારો કરવો પડ્યો. હિંદીવિરોધી હિંસક આંદોલન માટે જાણીતા બનેલા આ પ્રદેશના મિજાજને જોતાં નવી શિક્ષણ નીતિના મુસદ્દામાં કરાયેલા સુધારા દ્વારા ત્રિભાષી ફૉર્મ્યૂલામાં સંકેત આપવાનો પ્રયાસ થયો કે દક્ષિણની તમિળ ઉપરાંત બીજી કોઈ ભાષા એટલે કે તેલુગુ, કન્નડ કે મલયાલમ વિકલ્પે ભણવા વિદ્યાર્થી પસંદ કરી શકે. મુસદ્દામાં આ સુધારો કરાતાં સૌથી પહેલાં જાણીતા સંગીત